આપણું યુજીવીસીએલ

અંક-૨, સપ્ટેમ્બર ૨૦૧૦

સ્વર્ણિમ ગુજરાત
1960 - 2010

ઊર્જાશક્તિ માસની ઉમંગભરી ઉજવણી

ઊર્જાશક્તિ માસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો

આંતરવર્તુળ વક્તૃત્વ સ્પર્ધાને હૂંફાળો પ્રતિભાવ

ખેડૂતો માટે એનર્જી એફિશિયન્ટ ઈરિગેશન

વીજચોરી એક સામાજિક દૂષણ

વર્ષ-૧ અંક-૨, સપ્ટેમ્બર ૨૦૧૦
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

સંરક્ષક
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

સંપાદક
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કોમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

તંત્રી મંડળ
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (પી.એન્ડપી.)-(ઓપરેશન)
શ્રી આર. બી, કોઠારી, જનરેલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

પ્રકાશક
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૦૦૦૧
www.ugvcl.com

સંકલન અને સર્જન
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

આ અંકમાં

સંદેશ..૦૩
ઊર્જાશક્તિ માસ..૦૪
ગુજરાત ઊર્જાશક્તિ માસની ઉજવણી............ ૦૪
ઉત્તરદાયિત્વની સુપેરે પૂર્તિ..........................૦૫
ઊર્જાબચત વિશે જાગૃતિ ફેલાવવામાં
મહેસાણા વર્તુળ અગ્રેસર............................ ૦૬
ઊર્જાશક્તિ માસ નિમિત્તે હિંમતનગરની હિંમતથી
કાર્યક્રમોમાં ચાર ચાંદ લાગ્યા........................૦૭
ઊર્જાશક્તિને વહેતી કરતું સાબરમતી વર્તુળ.........૦૮
ખેડૂતો માટે એનર્જી એફિશિયન્ટ ઇરિગેશન
કાર્યક્રમ માટે પાલનપુરની પહેલ......................૦૯

વિશેષ પહેલ..૧૦
ઊર્જાબચત માટે મહિલાઓને જાગૃત
કરવા યુજીવીસીએલનો પ્રયાસ.......................૧૦
વિદ્યાર્થીઓને એ.એલ.ડી.સી. કામગીરીની જાણકારી
માટે સફળ સેમિનાર.................................૧૦
આંતરવર્તુળ વક્તૃત્વ સ્પર્ધાને હુંફાળો પ્રતિભાવ....૧૧
યુજીવીસીએલનું ગૌરવ..............................૧૧

તસવીર કથા..૧૨
પ્રગતિ...૧૩
વિદ્યાર્થીની કલમે..૧૪
પાવર ન્યૂઝ...૧૫
હાઇડ્રોપાવર પ્રેજેક્ટની શરૂઆત......................૧૫
વેકનની સોલર માર્કેટ પર નજર.....................૧૫
પાવર પ્રેરણા..૧૬
પોતાની ક્ષમતા પર વિશ્વાસ રાખો..................૧૬
નકારાત્મકતા દૂર કરવા શું કરવું?...................૧૭
પાવર કિડ્ઝ...૧૮
પ્રદૂષણ વગરની હાઇડ્રોઇલેક્ટ્રિક એનર્જી...........૧૮
શું તમે જાણો છો?.................................૧૯

ઑગસ્ટ ૨૦૧૦ને 'ઊર્જાશક્તિ માસ' તરીકે સફળતાપૂર્વક ઉજવવામાં આપ સૌનો જે સહયોગ અમને પ્રાપ્ત થયો છે તે માટે આપ સૌને હાર્દિક અભિનંદન અને આભાર. આગળ આવનારા કાર્યક્રમોને આ જ રીતે આપ સૌ સહયોગ કરી 'જ્યોતિર્મય ગુજરાત અને પ્રગતિશીલ ગુજરાત' માટે કટિબદ્ધ રહેશો તેવી આશા.

પ્રિય મિત્રો,

ઉલ્લાસભરી નવરાત્રિની ઉજવણીની હાર્દિક શુભકામનાઓ!

આપ જાણો છો તેમ આપણી ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવનું અપાર મહત્ત્વ છે. ઉત્સવો આપણા જીવનની રોજિંદી ઘટમાળમાં એક નવો રોમાંચક વળાંક લાવે છે. પોતાની સાથે ઉમંગની હેલી લાવતા આ તહેવારો આપણને નવો ઉત્સાહ અને નવા વિચારો આપે છે. એમાં પણ નવરાત્રિ એટલે તો ભક્તિ અને શક્તિની આરાધનાનું અનન્ય પર્વ. ગુજરાત માટે નવરાત્રિનો તહેવાર વિશ્વભરમાં આગવી ઓળખ સમાન છે.

આપણે આપણા કાર્યના સંદર્ભમાં નવરાત્રિને જોઈએ તો શક્તિ એટલે ઊર્જા. ઊર્જા આપણા જીવનનો પ્રાણ છે. આપણે ઊર્જાની આરાધના કરીને તેનું જેટલું સંવર્ધન કરીશું તેટલું આપણું સહિયારું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે.

આ જ વિચારોને અનુસરીને આપણે ઓગસ્ટ મહિનામાં ઊર્જાશક્તિ માસની ઉત્સાહભરી ઉજવણી કરી. મને એ વાતનો ખરેખર ખૂબ જ આનંદ અને સંતોષ છે કે આ ઉજવણીમાં આપ સૌએ અને આપના પરિવારજનોએ ખૂબ ઉત્સાહથી ભાગ લઈને ઉજવણીને સફળ બનાવી. આપણે ભવિષ્યના નાગરિક સમાન બાળકોને આ ઉજવણીમાં સાંકળીને તેમના સુધી ઊર્જાબચતનો મહત્ત્વનો સંદેશો પહોંચાડી શકયા એ આ ઉજવણીની સૌથી મોટી ઉપલબ્ધિ છે.

મારી આપ સૌને આગ્રહભરી વિનંતી છે કે આ ઉજવણીને માત્ર એક મહિના સુધી મર્યાદિત ન રાખીને ઊર્જાનો મહિમા આપ સતત પ્રસારતા રહેશો.

ફરી એક વાર શુભેચ્છાઓ સાથે,



એ. કે. વર્મા, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

ઊર્જાશક્તિ માસની ઉમંગભરી ઉજવણી

ઊર્જા ક્ષેત્રે નીત નવીન પહેલ કરવામાં ગુજરાત રાજ્ય હંમેશા અગ્રેસર રહ્યું છે. આવી જ એક પહેલ કરતાં, એક અભૂતપૂર્વ આયોજન હાથ ધરીને, લોકોમાં ઊર્જાસંવર્ધન અંગે વિશેષ જાગૃતિ કેળવવા માટે ગુજરાત સરકારે ઊર્જાશક્તિ માસ ઉજવવાનું નક્કી કર્યુ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તરફથી ઊર્જાશક્તિ માસ ઉજવવા માટે ઓગસ્ટ ૨૦૧૦ મહિનો નિર્ધારિત કર્યો. રાજ્યની અન્ય વીજકંપનીઓની જેમ, યુજીવીસીએલ દ્વારા પણ કંપનીની ચાર વર્તુળ કચેરીઓ, ૨૦ ડિવિઝન ઓફિસ અને ૧૨૭ સબડિવિઝનને આવરી લઈને કંપનીના કાર્યક્ષેત્ર હેઠળની તમામ શાળાઓને પણ આ ઉજવણીમાં સામેલ કરતું આયોજન થયું.

આ ઉજવણી નિમિત્તે મહેસાણા વર્તુળ કચેરી દ્વારા વિવિધ કાયક્રમ જેવા કે ચિત્રસ્પર્ધા, નિબંધસ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, મેડિકલ ચેકઅપ કેમ્પ તથા વૃક્ષારોપણનું આયોજન ઉત્સાહપૂર્વક થયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓ દ્વારા સુંદર સહકાર સાંપડ્યો હતો. ઉપરાંત વિભાગીય કચેરી તથા પેટા વિભાગીય કચેરી ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમ પણ કરવામાં આવ્યા.

ઊર્જાશક્તિ માસની ઉજવણીને યુજીવીસીએલે ઉત્સાહપૂર્ણ રીતે ઉજવીને સ્વર્ણિમ ગુજરાતની પ્રકાશમય પ્રગતિમાં એક વધુ દીપક પ્રગટાવ્યો છે

કંપનીના સમગ્ર કાર્યક્ષેત્રમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે સરકારશ્રીના આદેશ મુજબ અને કંપની તરફથી તૈયાર કરેલા કાર્યક્રમની રૂપરેખા મુજબ સરળતાથી તેમજ સફળ કાર્યક્રમ સંપન્ન થાય તે હેતુસર વિવિધ નિર્ણયો તેમ જ જરૂરી જવાબદારીઓ કંપનીના જુદા જુદા અધિકારીશ્રીઓને સોંપવામાં આવી હતી.

લોકો સુધી વીજ બચત અને વીજ સલામતીના સંદેશા અસરકારક રીતે પહોંચાડવા માટે આ બંને વિષય પર ભવાઇ પટકથા ચાર વર્તુળ કચેરીઓમાંથી મંગાવવામાં આવી હતી અને અધિક્ષક ઇજનેરશ્રી શ્રીમતી સી. આર. દેસાઇ અને તેમની ટીમ દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી.

રેલી યોજવી એ પણ વિવિધ પ્રકારની કાર્યકુશળતા માગી લેતું કામ છે. લોકોને રેલીમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા, તેમના માટે અસરકારક સંદેશા લખેલાં પ્લેકાર્ડ, બેનર્સ વગેરે બનાવવાં... આ બધાં કામની જવાબદારી ઔદ્યોગિક સંબંધક અધિકારી શ્રી એસ. વાય. ડામોરે સંભાળી હતી. નાયબ ઇજનેરશ્રી એચ. ટી. પરમાર અને કોર્પોરેટ ઓફિસના શ્રી આર. એમ. લિંબાચીયા તેમને મદદરૂપ થયા હતા.

૨૦ મોટાં હોર્ડિંગ્સ તૈયાર કરવાની જવાબદારી કાર્યપાલક ઇજનેરશ્રી (તાંત્રિક) શ્રી જી. યુ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ નાયબ ઇજનેરશ્રી એચ. ટી. પરમાર અને નાયબ ઇજનેર શ્રીમતી આશાબેન ખાલપડેએ સંભાળી હતી.

આમ સહિયારા ઉત્સાહ અને કાર્યપહેલોથી ઉજવણી સફળ રીતે સંપન્ન થઈ હતી.

ઉત્તરદાયિત્વની સુપેરે પૂર્તિ

યુજીવીસીએલના તમામ સ્ટાફ સભ્યોએ પોતાનાં ઑફિસના કાર્યો ઉપરાંત ઉજવણીના ઉત્તરદાયિત્વની પૂર્તિ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી

ઊર્જાશક્તિ માસની ઉજવણીનો એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ હતો એનર્જી ઓડિટનો. આ જવાબદારી વિશેષ મુખ્ય ઇજનેરશ્રી આર. જી. એન્જિનિયરને સોંપાઈ હતી, જે તેમણે સફળતાપૂર્વક પાર પાડી હતી. સ્વર્ણિમ ગુજરાતના લોગોવાળાં પેપર-વેઇટની જવાબદારી વિશેષ મુખ્ય ઇજનેરશ્રી એ. સી. પટેલ, કાર્યકારી માનવ સંપદા અધિકારી શ્રી ડી. એમ. તિવારી અને નાયબ મુખ્ય હિસાબી અધિકારી શ્રી એચ. જી. પરમારે સંભાળી હતી અને વાહન પરનાં સ્ટીકરો તેમ જ તોરણો સમયસર તૈયાર કરાવવાની જવાબદારી વિશેષ મુખ્ય ઇજનેરશ્રી એ. સી. પટેલ અને નાયબ ઇજનેરશ્રી વખારિયાએ નિભાવી હતી. પ્રચાર પ્રસાર માટે તૈયાર કરવા માટેના સાહિત્યની જવાબદારી અધિક મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી અને મુખ્ય ઇજનેર શ્રી એ. સી. પટેલે સફળતાપૂર્વક સંભાળી હતી.

વીજ બચત માટેના વર્કશોપ માટેની પૂર્ણ જવાબદારી વિશેષ મુખ્ય ઇજનેરશ્રી સી. એલ. શર્મા, શ્રી પી. એન. શાહ, શ્રી જી. આર. પટેલ અને શ્રી ધવલ પટેલે નિભાવી હતી. ૨૦થી ૨૫ કર્મચારીઓએ મોટર સાયકલની રેલીમાં ભાગ લીધો હતો અને તેની સંપૂર્ણ જવાબદારી વિશેષ મુખ્ય ઇજનેરશ્રી સી. એલ. શર્માને સોંપવામાં આવી હતી.

આ પ્રસંગે ઊર્જાબચતનું મહત્ત્વ કેળવાય અને એ માટેની જાગૃતિ તેમ જ વિવિધ ઓફિસોમાં ઘરવપરાશ અને વીજ વપરાશના તમામ ક્ષેત્રોમાં વીજબચતની કામગીરી થાય તે માટે મહેસાણા શહેરના રાજમાર્ગો ઉપર યુજીવીસીએલ/જેટકોના કર્મચારીઓની સંયુક્ત રેલીમાં ૫૦૦થી વધુ કર્મચારીઓ જોડાયા હતા, જેમાં બિનપરંપરાગત સ્રોત દ્વારા ઊર્જા ઉત્પાદનનું નિદર્શન, તેમ જ યુજીવીસીએલની સિદ્ધિઓ રજૂ કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત ઊર્જા બચત અંગેના સાહિત્યનું વિપુલ પ્રમાણમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

જે કર્મચારીઓ અને અધિકારીઓને કાર્યક્રમની જે જે જવાબદારી સોંપાઈ હતી તે તેઓએ સંપૂર્ણ નિષ્ઠા અને કર્મઠતાથી પાર પાડી હતી. ■

કાવ્યધારા

હૃદયની ભીનાશ

લીલા પાનની પેલી ભીનાશ જોઇ છે ક્યારેક,
હોય છે ને એ તદ્દન પિતાની આંખોનો પ્યાર!
ને પાંદડાની એ પાનખર ભાષા
સાંભળી છે ક્યારેક?
માગે વાચા ન આપતી હોય
વિદાય કેરી વેદનાને,
સંબંધોની એ ભીનાશ ભીંજવી દે ક્યારેક!
તો જ મન મહેકી ઉઠે છે ને?
કહી ઉઠે છેઃ આ છે મારી દીકરી સર્વેમાં
અનોખી, નિરાળી.
ને એ ભીનાશનો હળવો ભાર ક્યારેક
વરસી પડે કે,
દુનિયાનું શ્રેષ્ઠ હૃદય છે પિતા
દીકરીના ધબકતા હૈયાનો અણસાર છે પિતા
લાગણીનું એ હાર્દ હંમેશાં ધબકતું જીવંતતું
ક્યારેક તકરાર ક્યારેક વ્હાલ
જોઇ છે ક્યારેય આવી સંબંધોની શતરંજ?
શતરંજ એક એવી રમત
કે જેમાં સઘળે પાસે છુપાયેલી હાર ને જીત
જિંદગીની હારને જીવંતતાની જીત
જોઇ છે મેં સઘળી પિતાની પાસ
અંતે તો યાદ આવે એ સંસારનો નિયમ
કે શું છિનવાઇ જશે મારું એ અણમોલ હૃદય?
ને પછી એ ભયંકર ડરમાં
ભૂલી જવાયછે કે,
દુનિયાનું એ, શ્રેષ્ઠ હૃદય
ઇશ્વરની અમાનત છે
હૃદયાનુભૂતિ...

- એમ. વી. વ્યાસ
સલામતી નિરિક્ષક, યુજીવીસીએલ, મહેસાણા

ઊર્જા વિશે જાગૃતિ ફેલાવવામાં મહેસાણા વર્તુળે અનેરો ઉત્સાહ દાખવ્યો

યુજીવીસીએલની મહેસાણા વર્તુળ કચેરી અને વિભાગીય કચેરી સમાજના લોકોને પોતાના કાર્યો અંગે સતત જાગૃત કરવા માટે અનેક કાર્યક્રમો કરતી આવી છે. ગ્લોબલ વોર્મિંગને જોતાં પણ વીજળી બચાવવા માટે લોકોને જાગૃત કરવાની તાતી જરૂરિયાત છે.

યુજીવીસીએલની મહેસાણા વર્તુળકચેરી અને વિભાગીય કચેરીમાં આ અંગે જે કાર્યક્રમો યોજાયા તેમાં કંપનીનાં અન્ય કેન્દ્રો પણ આવરી લેવામાં આવ્યાં હતાં. કંપનીના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત અનેક શાળાઓમાંથી નિબંધ હરિફાઇ, રંગોળી કાર્યક્રમ, ચિત્ર સ્પર્ધા, વૃક્ષારોપણ, મેડિકલ ચેકઅપ, વાંચે ગુજરાત જેવા કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લઇ અનેક ઇનામો જીત્યાં હતાં અને ઓગસ્ટ માસને સાચા અર્થમાં ઊર્જામાસ બનાવવાની સફળતા મેળવી કરી હતી.

વર્તુળ કચેરી નિબંધ સ્પર્ધાનું આયોજન : નિબંધ સ્પર્ધામાં મહેસાણા વર્તુળ કચેરી સ્તરે આવેલા તમામ નિબંધો તપાસી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીએ ખૂબ જ સારો દેખાવ કર્યો હતો.

વર્તુળ કચેરી ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન : વિવિધ વિભાગોમાંથી આવેલાં ચિત્રોનું મૂલ્યાંકન કરી તેનાં પરિણામો આપવામાં આવ્યાં હતાં. સ્પર્ધકોએ તેમનાં ચિત્રોમાં ઊર્જા અંગેના પ્રેરક સંદેશા આવરી લીધા હતા.

રંગોળી કાર્યક્રમ : દરેક કર્મચારીએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ, સ્વર્ણિમ ગુજરાત ૧૯૬૦-૨૦૧૦ની થીમ પર વિવિધ રંગોળી બનાવી હતી, જેમાં સુવર્ણ કળશ, વીજ બચત, વીજ કંપની તથા કુદરતી દ્રશ્યોનો સુભગ સમન્વય કરી રંગોળી બનાવી હતી.

વર્તુળ કચેરી કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા : મહેસાણા ખાતે યુજીવીસીએલ તથા જેટકોના તમામ કર્મચારીઓએ સાથે મળી સુંદર રેલીનું આયોજન કર્યુ હતું. જેમાં કર્મચારીઓએ ભાગ લઈ સુંદર વહીવટનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. રેલી કોર્પોરેટ ઓફિસ કચેરીથી બસસ્ટેશન થઈ બજાર સુધી વિસ્તરી હતી અને તેના દ્વારા જાહેર જનતાને વીજબચત બાબતે જાગૃતિ લાવવા સુંદર પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

સ્વર્ણિમ સંકલ્પો : મહેસાણા કોર્પોરેટ / મહેસાણા વર્તુળ કચેરી/ વિભાગીય કચેરીના કર્મચારીઓએ ભેગા થઈ સ્વર્ણિમ કુંભની આગળ સવારે ૧૧.૦૦ કલાકે મુખ્ય ઈજનેરશ્રી એમ. જી. પટેલની ઉપસ્થિતિમાં વિવિધ સ્વર્ણિમ સંકલ્પો લીધા હતા. ■

વક્તૃત્વ સ્પર્ધા : વર્તુળ કચેરીના હોલ ખાતે વર્તુળ કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં વિવિધ વિભાગમાંથી વિવિધ માધ્યમિક શાળાઓમાંથી આવેલા ૭-સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના પરિણામની વિગતો કોર્પોરેટ ઓફિસને મોકલવામાં આવી હતી.

પેપર રીડિંગ : વર્તુળકચેરીના સહાયક સચિવશ્રી સી. એસ. પંચાલના પ્રોત્સાહનથી તેમની સુપુત્રી નિલમબેન પંચાલ દ્વારા જેટકો તથા દિનદયાલ ઉપાધ્યાય પેટ્રાલિયમ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે ઊર્જા અંગે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં, કુલ ૨૨-પેપર રીડિંગમાંથી "ENERGY AND SOCIAL ISSUES" વિષય પર રજૂ થયેલા પેપરને પ્રથમ સ્થાન મળ્યું હતું. જેટકો દ્વારા પ્રો. નિલમ પંચાલની કોલેજને, તેઓની વ્યક્તિગત ટ્રોફી તેમ જ અન્ય ઈનામો આપવામાં આવ્યા હતા. આ સેમિનારમાં આઈઆઈએમ - જીયુવીએનએલ અને તેની વિવિધ કંપનીઓના મેનેજિંગ ડિરેકટર્સ તેમ જ યુજીવીસીએલના મેનેજિંગ ડિરેકટર શ્રી એ. કે. વર્મા અને દિલ્હી-હરિયાણા-મહારાષ્ટ્રમાંથી આવેલા વિદ્વાનોએ વિવિધ સ્તરે અધ્યક્ષ સ્થાન સંભાળી સેમિનારનું સંચાલન કર્યું હતું.

સ્લોગન હરિફાઇ : વર્તુળકચેરીના કર્મચારીઓએ ઊર્જા બચત અને સલામતી અંગેની સ્લોગન હરિફાઈમાં ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ સૂત્રો બનાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વાંચે ગુજરાત

ગુજરાત સરકારનો એક અભિનવ કાર્યક્રમ છે - વાંચે ગુજરાત. ઊર્જાશક્તિ માસની ઉજવણીમાં આ કાર્યક્રમને પણ સાંકળી લઈને વર્તુળકચેરીના કર્મચારીઓએ વિવિધ પુસ્તકો રજૂ કર્યાં હતાં.

પુસ્તકનું નામ	પુસ્તક રજૂ કરનાર કર્મચારીનું નામ
ભારતના ઘડવૈયા અટલબિહારી બાજપેયી	શ્રી સી. એસ. પંચાલ, સહાયક સચિવ
ધ ઇસ્ટ એન્ડ ધ વેસ્ટ-સ્વામિ વિવેકાનંદ	શ્રી સી. એસ. પંચાલ, સહાયક સચિવ
યુગ પરિવર્તન ક્યોં-કિસ લિયે?	શ્રી સી. એસ. પંચાલ, સહાયક સચિવ
ઘર સંસારમાં કેવી રીતે રહેવુ?	શ્રી કે. એ. પટેલ, એ.ઓ.
ભગવદ ગીતા	શ્રી એમ. કે. પરમાર, સિ. આસિ.
વિચાર મંથન	શ્રી બી.જે.ચૌધરી, સિ. આસિ.

ઊર્જાશક્તિ માસ નિમિત્તે હિંમતનગર વર્તુળમાં કાર્યક્રમોમાં ચાર ચાંદ લાગ્યા

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે ઓગસ્ટ-૨૦૧૦ને ઊર્જાશક્તિ માસ તરીકે ભવ્ય રીતે ઉજવવાનું નક્કી થતાં, હિંમતનગર વર્તુળ કચેરી પણ આ ઉજવણીમાં ઉત્સાહભેર જોડાઈ હતી. વર્તુળ કચેરી હેઠળની તમામ કચેરીઓના કર્મચારીઓ/ કુટુંબીજનો/ બાળકોએ વિવિધ કાર્યક્રમોમાં ઉમળકાભેર ભાગ લીધો હતો તથા પ્રોગ્રામ અનુસાર વિવિધ પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓના બાળકોએ પણ પૂરી તૈયારી સાથે ઉત્સાહપૂર્ણ રીતે ભાગ લીધો હતો. આ કાર્યક્રમોમાં રંગોળી, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વીજસલામતીની જાણકારી અને વૃક્ષારોપણના કાર્યક્રમો તેમ જ વર્તુળ સ્તરની વક્તૃત્વ સ્પર્ધા સામેલ હતા.

નિબંધસ્પર્ધા : હિંમતનગર વર્તુળની તમામ પેટા વિભાગીય કચેરીઓ દ્વારા વિવિધ શાળાઓમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને તે દ્વારા સમાજના વિવિધ વર્ગોને - હરિયાળી ક્રાંતિ, ઊર્જા સંરક્ષણ, ઊર્જા બચત અને ઊર્જા કટોકટીના કારણ અને ઉપાયોની જાણકારી/ સંદેશા પહોંચાડવાના મહત્તમ પ્રયાસને સુંદર સફળતા મળી હતી. જિલ્લાના શિક્ષકગણે પણ રસપૂર્વક ભાગ લીધો હતો. જેમાં વિભાગીય કચેરીએ થનારી આગળની હરીફાઈ માટે બે વિજેતા બાળકોનાં નામ મોકલવામાં આવ્યાં હતાં. વિજેતા બાળકોને ઈનામ પ્રમાણપત્ર તથા ભાગ લીધેલ તમામ બાળકોને ઉત્તર ગુજરાત વીજ કંપનીનું પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

ચિત્ર સ્પર્ધા : હિંમતનગર વર્તુળની તમામ પેટા વિભાગીય કચેરીઓના કાર્યક્ષેત્રમાં આવતી પ્રાથમિક શાળાઓ તથા સ્કૂલોના ધોરણ પથી ૭માં ભણતાં બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભાગ લઈ બાળકોએ ઉત્સાહ બતાવ્યો હતો અને તે દ્વારા સમાજને અને બાળકોને 'હરિત શાળા, હરિત ગુજરાત, મારા સપનાનું ઊર્જા સંપન્ન ગુજરાત, ઊર્જા બચત તથા વીજ ચોરી એક દૂષણ' વગેરે વિષયના સંદેશા પહોંચાડવાનો મહત્તમ પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરનારાં વિજેતા બાળકોને ઈનામ તથા પ્રમાણપત્ર અને તમામ સ્પધકોને પ્રોત્સાહનરૂપે ઉત્તર ગુજરાત વીજ કંપનીનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

{ કાર્યક્રમોમાં રંગોળી, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, વીજસલામતીની જાણકારી એને વૃક્ષારોપણના કાર્યક્રમો તેમ જ સર્કલ લેવલની વક્તૃત્વ સ્પર્ધા સામેલ હતા }

વક્તૃત્વ સ્પર્ધા : હિંમતનગર વર્તુળના કાર્યક્ષેત્ર હેઠળ આવતી તમામ શાળાઓમાં ધોરણ ૮થી ૧૦નાં બાળકો માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વીજ કંપનીના કર્મચારીઓના સંનિષ્ઠ પ્રયાસથી મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા દ્વારા સમાજને 'ઊર્જાસ્રોત, ઊર્જા અને પર્યાવરણ, ઊર્જા બચત તથા વીજ ચોરી એક દૂષણ'નો સંદેશો પહોંચાડવામાં સફળતા મળી હતી. વિજેતા બાળકોને ઉત્તર ગુજરાત વીજ કંપનીનું પ્રમાણપત્ર એનાયત કર્યું હતું અને વિજેતા બાળકોને ઈનામ આપવામાં આવ્યાં હતાં.■

સ્વર્ણિમ સંકલ્પ કાર્યક્રમ

વાંચે ગુજરાત : દરેક વીજ કચેરીમાં 'વાંચે ગુજરાત' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ભાગરૂપે ઓફિસ શરૂ થયા પછી તરત જ કર્મચારીઓએ લાવેલા પુસ્તકોનું હિસાબી અધિકારીશ્રીના આયોજન હેઠળ સંકલન કરી અધિક્ષક ઈજનેરશ્રી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ કર્મચારી અધિકારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ પ્રકારનાં સુંદર પુસ્તકોનું દાન કર્યું હતું.

સ્વર્ણિમ સંકલ્પ : અગાઉથી નિર્ધારિત કાર્યક્રમ મુજબ વર્તુળ કચેરી, હિંમતનગર તથા તમામ વિભાગીય અને પેટા વિભાગીય કચેરીએ સવારના ૧૦ વાગે સ્વર્ણિમ સંકલ્પ લેવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ કર્મચારી અને અધિકારીઓની ટીમોએ શહેરનાં વિવિધ સ્થળોએ નાગરિકો સાથે મળીને સ્વર્ણિમ સંકલ્પનું આયોજન કરી તે અંગેનો સંદેશો સમાજ અને નગરજનો સમક્ષ પ્રસ્તુત કર્યો હતો.

ઓન લાઈન સ્લોગન કોમ્પિટીશન : ઓન લાઈન ઈન્ટ્રાનેટ પર વીજ બચત અંગે સ્લોગન કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાના ભાગે આવતા એક સ્લોગનનું સબમિશન કર્યું હતું.

સૂર્ય ઊર્જા માટે જાગૃતિ : હિંમતનગર વર્તુળની તમામ પેટા વિભાગીય કચેરીઓએ મોટી ત્રણ ગ્રામ પંચાયતોને પસંદ કરીને ગ્રામજનોને સૂર્ય ઊર્જા અંગેના લાભાલાભ વિશે માહિતી આપી હતી.

આમ હિંમતનગર વર્તુળ અને તેના વિભાગ અને પેટા વિભાગના કર્મચારીઓએ જે ઉત્સાહ દર્શાવ્યો તે જોતાં આખાયે ઓગસ્ટ ઊર્જાશક્તિ માસ દરમ્યાનના કાર્યક્રમોને સફળતા મળી તે સ્વાભાવિક હતી. વળી ઊર્જા બચત અને વીજ સલામતી અંગે કર્મચારીઓના લોકસંપર્કથી ભારે જાગૃતિ આવી હતી તથા કંપની અને ગ્રાહકો પરસ્પરની વધુ નજીક આવ્યા હોય તેવી પ્રતિતિ થઈ હતી.

ઊર્જાશક્તિને વહેતી કરતું સાબરમતી વર્તુળ

સાબરમતી વર્તુળમાં પણ ઊર્જાશક્તિ માસની ઉજવણી નિમિત્તે અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ નિમિત્તે કર્મચારીઓ, તેમના પરિવારના સભ્યો, સ્કૂલના વિદ્યાર્થીઓ-શિક્ષકોએ મળીને લગભગ ૩૦૦૦ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેના દ્વારા થયેલા કાર્યક્રમોની વિગતો નીચે પ્રમાણે છે.

રોશની અને રંગોળી : વર્તુળ અને વિભાગીય કચેરી પર રોશની કરી ઊર્જાશક્તિ માસની ઉજવણીની શરૂઆત કરવામાં આવી. વર્તુળ કચેરી, ૫ વિભાગીય કચેરી અને ૨૭ પેટા વિભાગીય કચેરી ખાતે ઊર્જા બચતની થીમ પર કર્મચારીઓ દ્વારા રંગોળી કરવામાં આવી જેમાં ૧૪૦ જેટલા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નિબંધ સ્પર્ધા : પાંચ વિભાગીય કચેરી અને ૨૭ પેટા વિભાગીય કચેરીઓ દ્વારા તેમના વિસ્તારની શાળાઓ ખાતે નિબંધ સ્પર્ધા યોજવામાં આવી, જેમાં ૩૮૭ વિર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ઊર્જાના જુદા જુદા પાંચ વિષય પૈકી પોતાની પસંદગીના વિષય પર નિબંધ લખ્યા હતા.

ચિત્ર સ્પર્ધા : વર્તુળ કચેરીની પાંચ વિભાગીય કચેરી અને ૨૬ પેટા વિભાગીય કચેરીઓ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ૫૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઊર્જાના જુદા જુદા થીમ પર ચિત્રો દોર્યા હતાં.

વક્તૃત્વ સ્પર્ધા : વર્તુળ કચેરીની પાંચ વિભાગીય કચેરી અને ૨૬ પેટા વિભાગીય કચેરીઓ દ્વારા સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ૩૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ ઊર્જાનાં જુદા જુદા વિષયો પૈકી પોતાના સુંદર વિચાર રજૂ કર્યા.

ફાઈનલ વક્તૃત્વ સ્પર્ધામાં શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય અડાલજ ખાતે ૫ ડિવિઝનના ૧૦ વિજેતાની વર્તુળ સ્તરની ફાઈનલ વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ. જેમાં શાળાના નિયામકશ્રી, પ્રિન્સીપાલ, સાબરમતીના નાયબ મહાપ્રબંધકશ્રી અને ગાંધીનગર વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરશ્રી પણ હાજર રહ્યા. વર્તુળ ખાતે દરેક વક્તાઓએ સુંદર વક્તવ્ય રજૂ કર્યા.

વૃક્ષારોપણ : સાબરમતી સંકુલ ખાતે તેમ જ વિભાગીય અને પેટા વિભાગીય કચેરીના સંકુલ ખાતે ૫૦૦૦ની સંખ્યામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં અંદાજે ૫૦૦ કર્મચારીઓએ ભાગ લીધો. ■

સ્વર્ણિમ ગુજરાતના સર્જન માટે સતત સક્રિય...

સ્વર્ણિમ સંકલ્પ : વર્તુળ કચેરી અને તેના હેઠળની કચેરીઓમાં આશરે ૫૦૦ કર્મચારીઓએ સ્વર્ણિમ સંકલ્પ લીધા હતા.

વાંચે ગુજરાત : વાંચે ગુજરાત અભિયાનમાં અમુક કર્મચારીઓએ પુસ્તક ખરીદી તરતાં મૂક્યાં. કર્મચારીઓમાં હજુ અભિયાન ચાલુ છે.

એનર્જી ઓડિટ : નાયબ ઇજનેર શ્રી એસ. એમ. શાહ અને જુનિયર ઇજનેર શ્રી જરીવાલાએ ધોળકા હેલ્થ સેન્ટર ખાતે નાયબ ઇજનેર શ્રી એ. એસ. મુલાણી, નાયબ ઇજનેર શ્રી એસ. એમ. શાહ અને જુનિયર ઇજનેર શ્રી બી. વાય. જરીવાલા દ્વારા કલોલ ખાતે સિવિલ હોસ્પિટલનું એનર્જી ઓડિટ કરવામાં આવ્યું.

સૂર્ય ઊર્જા જાગૃતિ : પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર/જુનિયર ઇજનેરોએ ગામડાઓમાં જઈ સૂર્ય ઊર્જાના ફાયદાઓ વિશે લોકોને જાગૃત કર્યા હતા.

રેલી : સાબરમતી સર્કલના ઉપક્રમે સ્વર્ણિમ ગુજરાતના કાર્યક્રમના ભાગરૂપે એક વિશાળ રેલીનું આયોજન બોપલ ડિવિઝન દ્વારા યોજવામાં આવ્યું. જેમાં સર્કલના આશરે ૩૦૦ કર્મચારીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો. જેનું પ્રતિનિધિત્વ વિશેષ મુખ્ય ઇજનેરશ્રી, કાર્યપાલક ઇજનેરશ્રીઓ, અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓએ કર્યું. પદયાત્રા વીજ બચત તથા સલામતી અંગેના સૂત્રોચ્ચાર સાથે આશરે ૫ કિલોમીટર સુધી રેલી ચાલી હતી. જેમાં સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો અને વિશેષ મુખ્ય ઇજનેરશ્રીએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. સ્કૂલના વિદ્યાર્થીઓને મોમેન્ટો તથા રેલી દરમ્યાન કર્મચારીઓએ બુલંદ અવાજમાં સૂત્રોચ્ચાર કર્યા તે બદલ કર્મચારીઓને મુખ્ય ઇજનેરશ્રી દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

ખેડૂતો માટે એનર્જી એફિશિયન્ટ ઈરિગેશન કાર્યક્રમ માટે પાલનપુરની પહેલ

ખેડૂતો ઊર્જાના વપરાશકારોમાંનો એક મોટો વર્ગ છે. આધુનિક સમયમાં કૃષિ અને ઊર્જાના સંબંધ પર પ્રકાશ પાડવા માટે, પાલનપુર વર્તુળ કચેરી દ્વારા સરદાર કૃષિનગર દાંતીવાડા યુનિવર્સિટી ખાતે એક કૃષિ ઊર્જા સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના ઉદ્‌ઘાટક અને મુખ્ય મહેમાન તરીકે રાજ્યકક્ષાના મંત્રી શ્રી પરબતભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત જિલ્લાના ધારાસભ્યો તેમ જ કલેક્ટર શ્રી આર. જે. પટેલ, યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી આર. સી. મહેશ્વરી વિશેષ ઉપસ્થિત હતા. આ પ્રસંગે મુખ્ય ઇજનેરશ્રીઓ શ્રી એમ. જી. પટેલ અને શ્રી પી. જે. પટેલે હાજરી આપી હતી.

મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કુલ ૧૫૦૦ કરોડ યુનિટ વીજ વપરાશમાંથી ૮૦૦ કરોડ યુનિટ કૃષિક્ષેત્રે ખેડૂતો દ્વારા વાપરવામાં આવે છે. દેશના

સ્વાવલંબનમાં કૃષિક્ષેત્રનો વિશેષ ફાળો હોવાને લીધે વિવિધ કાર્યક્રમો દ્વારા સરકારનો અભિગમ ખેડૂતલક્ષી રહ્યો છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ખાસ અભિયાનથી ૧૨૦૦૦થી વધુ એનર્જી એફિશિયન્ટ પંપના ઉપયોગ દ્વારા વીજળી અને પાણીને બચાવી અગ્રેસર રહી છે.

આ કાર્યક્રમના માધ્યમ દ્વારા ખેતીવાડી ક્ષેત્રે વીજ બચત કેવી રીતે થઇ શકે તે અંગે ખેડૂતોમાં જાગૃતિ કેળવવાના ઉદ્દેશ્યથી એનર્જી એફિશિયન્ટ ઇરિગેશન પર તજજ્ઞો દ્વારા ખાસ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સેમિનારના વક્તા તરીકે સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમિ વિભાગના પ્રોફેસર શ્રી ડો.જે. સી. પટેલે પાણી અને વીજળી સંરક્ષણ દ્વારા વધુ પાક ઉત્પાદનની પદ્ધતિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કોલંબિયા વોયર સેન્ટર, દિલ્હીના શ્રી કપિલ નિરૂબ્બાએ ઉત્તર ગુજરાતમાં ઊંડા જતા ભૂગર્ભ જળની સમસ્યા અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઇરીમા આણંદના શ્રી ગિરીશ અગ્રવાલે સબમર્સીબલ પંપની પસંદગી અને કાર્યક્ષમતાના ઉપાયો વિશે માર્ગદર્શન આપ્યું હતું. સોફિલ પાલનપુરના શ્રી વિષ્ણુભાઇ પટેલે ભૂગર્ભ જળનું સાતત્યપૂર્ણ વ્યવસ્થાપન તેમ જ સોસાયટી ફોર ઇન્ટીગ્રેટેડ લેન્ડ એન્ડ વોટર મેનેજમેન્ટ, પાલનપુરના અનુભવો રજૂ કર્યા હતા. ■

પાલનપુર અનેક રંગારંગ કાર્યક્રમોથી ઊર્જાવાન થયું

યુજીવીસીએલની પાલનપુર વર્તુળ અને વિભાગીય કચેરી તરફથી ઉજવવામાં આવેલા સ્વર્ણિમ ગુજરાતના ઊર્જા માસની ઉજવણીમાં ઉત્સાહભેર સૌએ ભાગ લીધો હતો. આ પ્રસંગે અનેક શાળાઓમાંથી નિબંધ હરિફાઇ, રંગોળી કાર્યક્રમ ચિત્ર સ્પર્ધા, વૃક્ષારોપણ, મેડિકલ ચેકઅપ, વાંચે ગુજરાત જેવા કાર્યક્રમોમાં ભાગ લઇ સ્પર્ધકોએ અનેક ઇનામો જીત્યાં હતાં અને ઓગસ્ટ માસને સાચા અર્થમાં ઊર્જામાસ બનાવવાની સફળતા હાંસિલ કરી હતી.

વર્તુળકચેરી અને વિભાગીય કચેરી, પાલનપુર ખાતે કર્મચારીઓ દ્વારા રંગોળી કાર્યક્રમ : કર્મચારીએ સ્પર્ધામાં જોડાઈને સ્વર્ણિમ ગુજરાત ૧૯૬૦-૨૦૧૦ની થીમ પર વિવિધ રંગોળી બનાવી જેમાં સુર્વણ કળશ, વીજ બચત, વીજ કંપની તથા કુદરતી દ્રશ્યોનો સમન્વય કરીને રંગોળી બનાવી હતી.

વર્તુળ કચેરી, પાલનપુરમાં નિબંધ સ્પર્ધા : પાલનપુર વર્તુળ કચેરીમાં વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીએ પોતાના મૌલિક તથા સુંદર વિચારો વ્યક્ત કર્યા હતા.

વર્તુળ કચેરી ખાતે ચિત્ર સ્પર્ધા : અનેક બાળકો ચિત્ર સ્પર્ધામાં સામેલ થયાં હતાં અને ખૂબ સુંદર ચિત્રો બનાવ્યાં હતાં.

વર્તુળ કચેરી/ વિભાગીય કચેરી ખાતે મેડીકલ ચેકઅપ : કોર્પોરેટ કચેરીના આયોજન મુજબ કંપનીના કર્મચારીઓ તથા તેમના પરિવારના સભ્યોના મેડિકલ ચેકઅપ કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

કંપની તરફથી ૨૪ કલાક સતત લાઈટ-પાણીની સુવિધા

યુજીવીસીએલ કંપનીની એ હંમેશની પરંપરા રહી છે કે કંપની હંમેશા સમાજમાં રહેતા દરેક નાગરિકો વિશે વિચારે છે અને તે વિચારને અમલમાં પણ મૂકે છે. અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા સમયે લગભગ ૨૫ લાખથી વધુ ભક્તજનો અંબાજી જાય છે. આ દરમિયાન વીજ પુરવઠાને લગતી બાબતમાં કોઇ પણ પ્રકારની પરિસ્થિતિને પહોંચી શકાય તેવું સફળ આયોજન ઉત્તર ગુજરાત વીજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માના માર્ગદર્શન અને મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

અંબાજી પહોંચવાના આજુબાજુના તમામ રસ્તાઓ પર પહેલેથી આયોજન કરીને ઉચ્ચ અધિકારીઓથી લઇને હેલ્પર/ લાઇનમેન સુધીના દરેક કર્મચારીઓ સતત ૨૪ કલાકના મોનિટરિંગમાં ગોઠવી દેવામાં આવ્યા હતા.

અંબાજી પહોંચતી તમામ વીજ લાઇનોમાં ક્યાંય પણ વિક્ષેપ ઊભો ન થાય અને જો થાય તો તરત જ તેનું નિવારણ થઇ જાય તે માટે ઉત્તર ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ સતત ખડે પગે હતા. કંપની દ્વારા સતત વીજ પુરવઠો પૂરો પાડવાના કારણે અંબાજીમાં કાયદો અને વ્યવસ્થા, આરોગ્ય, સલામતી, પાણી પુરવઠો અને સ્વૈચ્છિક સંસ્થાઓની સેવાઓ જેવી અનેક બાબતોમાં કોઇ પણ જાતનું વિઘ્ન થવા પામ્યું ન હતું. ■

ઊર્જાબચત માટે મહિલાઓને જાગૃત કરવા યુજીવીસીએલનો પ્રયાસ

ઊર્જાશક્તિ માસની ઉજવણી નિમિત્તે બાળકો અને મહિલાઓ ખેડૂતોને ઊર્જા બચત વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી

કંપનીનાં મહિલા કર્મચારીઓ દ્વારા વીજ બચત અંગે ગૃહિણીઓ સાથે સંવાદ કરી પ્રચાર પ્રસારનું નવતર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. મહેસાણા પેટા વિભાગ, વિભાગ અને કોર્પોરેટ કચેરીમાં ફરજ બજાવતી બહેનોની બે ટીમોમાં વિજાપુર વિભાગીય કચેરી અને સંલગ્ન પેટા વિભાગોમાં ફરજ બજાવતી બહેનો જોડાઈ હતી.

પ્રથમ ગૃપમાં - વિજાપુર વિભાગના ફતેપુરા(પી)(કુકરવાડા પેટા વિભાગ), ગોવિંદપુરા (વિજાપુર પેટા વિભાગ), ડેરીયા (લાડોલ પેટા વિભાગ)માં ઊર્જા બચત અંગે વાર્તાલાપ કરી ગામમાં મહોલ્લે મહોલ્લે ગ્રામ્ય મહિલા સાથે ઊર્જા બચતનું મહત્વ અને તેના ઘરગથ્થુ ઉપાયો અંગે માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત ગૃહિણીઓ સાથે ઘેર ઘેર સંપર્ક કરી વીજ બચત અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સમાપનમાં લાડોલના પ્રાચીન હરસિધ્ધ માતાના મંદિરમાં દર્શનનો લાભ લઈ કાર્યક્રમ પુરો કરવામાં આવ્યો હતો. બીજા ગૃપમાં વિજાપુર વિભાગના અન્ય વિસ્તારને આવરી લઈ સૌ પ્રથમ માણસા પેટા વિભાગના રાજપુરા ગામથી વીજ બચત પ્રસાર અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોદરા ગામમાં સી.યુ.વિદ્યાલય શાળામાં શાળાના સ્ટાફ અને મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ સમક્ષ વીજ કંપનીની બહેનો દ્વારા ઊર્જા મહત્વ અને ઊર્જા બચતની જરૂરિયાત અંગે તેમજ તેના ઉપાયો અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફ તરફથી ઉત્સાહવર્ધક સહકાર મળ્યો હતો.

બંને ટીમોના કાર્યક્રમમાં ગ્રામજનો, શાળાના સ્ટાફ તેમજ ગ્રામીણ બહેનોનો ઉત્સાહભર્યો સહકાર મળ્યો હતો. કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના અનુસાર બંને ટીમોમાં વિભાગીય કચેરીના નાયબ ઈજનેર અને સંબંધિત પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરો સ્ટાફ સાથે જોડાયા હતા, અને સમગ્ર દિવસ દરમ્યાન વિજાપુર વિભાગના તમામ પેટા વિભાગના એક એક ગામને આવરી લઈ મહિલા મંડળ દ્વારા વીજ બચત અંગે સફળ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ■

વિદ્યાર્થીઓને એ.એલ.ડી.સી. કામગીરીની જાણકારી માટે સફળ સેમિનાર

ગુજરાત રાજ્ય તરફથી ૨૦૧૦ વર્ષ દરમિયાન પૂર્ણ થતા પચાસ વર્ષની ઉજવણી સ્વર્ણિમ વર્ષ અને ઓગસ્ટની ઊર્જાશક્તિ માસ તરીકે ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર એ.એલ.ડી.સી. ખાતે વિવિધ કોલેજો જેવી કે, અમદાવાદની એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરિંગ અને નિરમા ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલોજી અને ઇન્સ્ટિટ્યુટ ઓફ એન્જિનિયરિંગ તેમ જ ચાંદખેડાની વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓને સ્ટડી ઓફ લોડ મેનેજમેન્ટ એન્ડ ઇન્ટ્રાસ્ટેટ એબીટી તથા સ્કાડા રીલેટેડ સેટઅપ વિષયો પર માર્ગદર્શન આપવા માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ ખાસ ઉપસ્થિત રહીને આવનારી પેઢીના ભાવિ નાગરિક એવા વિદ્યાર્થીઓને એ.એલ.ડી.સી., ગાંધીનગરની મુલાકાત કરવાનો ઉદ્દેશ્ય સમજાવી વિસ્તૃત માહિતી અને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ■

આંતરવર્તુળ વક્તૃત્વ સ્પર્ધાને હૂંફાળો પ્રતિભાવ

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ઓગસ્ટ મહિનાને ઊર્જાશક્તિ માસ તરીકે ઉજવવાની યુજીવીસીએલની પહેલને લોકોનો હૂંફાળો પ્રતિભાવ મળ્યો હતો. તે પ્રસંગે વિવિધ વર્તુળોમાં થયેલી વિવિધ સ્પર્ધા પૈકી વક્તૃત્વ સ્પર્ધામાં પહેલા, બીજા અને ત્રીજા નંબરે વિજેતા થયેલા સ્પર્ધકો વચ્ચે કોર્પોરેટ ઓફિસના પટાંગણમાં આખરી મુકાબલાનું આયોજન થયું હતું. આ પ્રસંગે નિર્ણાયક જ્યુરી તરીકે વિશેષ મુખ્ય ઇજનેર શ્રી એ. સી. પટેલ, નિવૃત્ત વિશેષ મુખ્ય ઇજનેર શ્રી ડી. કે. ચૌધરી અને એલ.સી.સી.આઇ. કોલેજ ભાન્ડુના આસિસ્ટન્ટ પ્રોફેસર શ્રી ગગનદીપ એસ. ખંડુજા જેવા તજજ્ઞોએ ફરજ બજાવી હતી.

કાર્યક્રમના દરેક વક્તૃત્વ સ્પર્ધાના સ્પર્ધકોમાંથી ત્રણ સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા જેમાં પ્રથમ ક્રમે સાર્વજનિક સ્કૂલ, મહેસાણાની મેઘા શૈલેષભાઇ મોદી, દ્વિતીય પુરસ્કાર બે સ્પર્ધકો વચ્ચે વહેંચાયો હતો તે છે વિદ્યામંદિર, પાલનપુરની વિશાખા વી. સૈની અને આશ સેકન્ડરી સ્કૂલ, વિજાપુરના નિશીલ સંજયભાઇ બારોટ તે જ રીતે તૃતીય પુરસ્કાર પણ બે સ્પર્ધકોમાં વહેંચાયો હતો તે છે એમ. સી. અમીન ગર્લ્સ હાઇસ્કૂલ, બાવળાની દેવાંશી બી. શાહ અને સરસ્વતી વિદ્યાલય, પલીયડના ધવલ જે. રાવળ.

સ્પર્ધામાં વિવિધ સ્પર્ધકોએ ઊર્જા સંબંધિત વિવિધ બાબતો અંગે તેમના વેધક વિચારો વ્યક્ત કર્યા હતા.

આંતરવર્તુળ બ્રિજ ટુર્નામેન્ટ યોજાઈ

તાજેતરમાં સાબરમતી ખાતે યોજાયેલી આંતરવર્તુળ બ્રિજ ટુર્નામેન્ટમાં યુજીવીસીએલના અધિકારીઓએ ભાગ લઈને પોતાની કુશળતા દર્શાવી હતી. ટુર્નામેન્ટમાં મહેસાણા કોર્પોરેટ ઓફિસની ટીમ વિજેતા બની હતી. આ ટીમમાં એચઆરના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી એ. પી. પટેલ, કમ્યુનિકેશન વિભાગના ડી. ઇ. શ્રી કે. એસ. સિંધી, ડી.ઇ. શ્રી સી. વી. જોશી અને એલ.ઓ. શ્રી પી.પી.બારોટ સામેલ હતા. ટુર્નામેન્ટમાં મહેસાણાની સર્કલ ઓફિસની ટીમ રનર અપ બની હતી.

યુજીવીસીએલનું ગૌરવ

યુજીવીસીએલની સબડિવિઝન ઓફિસ બેચરાજીમાં ડેપ્યુટી એન્જિનિયર તરીકે કાર્યરત શ્રી દિનેશ એન. પટેલના પુત્ર ઉત્સવ પટેલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર તરફથી લેવાયેલ વિજ્ઞાન પ્રવાહની ૧૨મા ધોરણની પરીક્ષામાં ૮૩.૨૦ ટકા માર્ક્સ સાથે પાસ થઇ પિતા શ્રી દિનેશભાઇ પટેલ અને યુજીવીસીએલનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત ગુજકેટની પરિક્ષામાં કુલ ૧૨૦માંથી ૯૨ માર્ક્સ પ્રાપ્ત કરી પોતાની સફળતામાં એક પગલું વધું આગળ ભરી દીધું છે.

યુજીવીસીએલના શ્રી કમલ સિંધીની સિદ્ધિ

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરાના સહયોગથી ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કોર્પોરેશનના યજમાન પદે યોજાયેલી પાંચમી ઇન્ટર કંપની બેડમિન્ટન સ્પર્ધા (સિંગલ) તારીખ ૧૭-૧૮મી સપ્ટેમ્બરે યોજવામાં આવી હતી.

ઉત્તર ગુજરાત વીજ કંપની, કોર્પોરેટ ઓફિસના નાયબ ઇજનેર તરીકે ફરજ બજાવતા શ્રી કમલ સિંધિએ તેમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં તેઓએ ઐતિહાસિક વિજય પ્રાપ્ત કરી ચેમ્પિયન બની યુજીવીસીએલ માટે ગૌરવપૂર્ણ કાર્ય કર્યુ છે. ગુજરાત વિદ્યુત બોર્ડના વિલિનીકરણ પછી અલગ કંપની બન્યા બાદ અત્યાર સુધીમાં વિતરણ કરનાર વર્તુળમાં તેમ જ કંપનીમાં યુજીવીસીએલે પ્રથમવાર ચેમ્પિયન બનવાનું બહુમાન મેળવ્યું છે.

આ ટુર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ કંપનીના કર્મચારીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સિંગલ અને ડબલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડબલમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એલ. ચુઆંગો અને શ્રી એસ. એમ. મિશ્રા સંયુક્ત ચેમ્પિયન બન્યા હતા.

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત યુજીવીસીએલની પહેલથી સ્ટાફના સભ્યો ઉપરાંત હજારો વિદ્યાર્થીઓ સહિત ખેડૂતો અને મહિલાઓએ કાર્યક્રમને સાચા અર્થમાં સ્વર્ણિમ બનાવ્યો તેની ઝલક

યુજીવીસીએલના સ્ટાફ મેમ્બર્સના સંતાનોની સફળતાની સૂચિ

વર્ષ ૨૦૧૦ના યુજીવીસીએલના સ્ટાફ મેમ્બર્સના ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં ભણતાં સંતાનોમાંથી જેમના ૮૫ ટકાથી વધુ ટકા આવ્યા છે તેમના નામનું લિસ્ટ અહીં આપેલું છે. આપણું યુજીવીસીએલ દરેક વિદ્યાર્થીને અભિનંદન સાથે આગળના ભણતરને ઉજ્જવળ બનાવી પ્રગતિ કરે તેવી શુભકામનાઓ આપે છે.

ક્રમ	નામ અને હોદ્દો	સ્થળ અને કામ	દીકરા/દીકરીનું નામ	ટકા	ધોરણ
૧	શ્રી વી.એચ. શર્મા, એસ.એ.	ગાંધીનગર, ડી.ઓ.	સ્વપ્નિલ (દીકરો)	૮૭.૬૦	૧૨
૨	શ્રીમતી ડી.પી. દેસાઈ, જે.એ.	ગાંધીનગર, ડી.ઓ.	નિરહા (દીકરી)	૮૬.૪૩	૧૨
૩	શ્રી એચ.આર. જાની, એમ.આઈ.	આઈ/સી. સ્કવોડ, સી.ઓ. પાલનપુર	બિરજુ (દીકરો)	૮૫.૦૦	૧૨
૪	શ્રીમતી એચ.એમ.રાવલ, જે.એ.	સાબરમતી, ડી.ઓ.	વિદેહ (દીકરો)	૮૬.૬૨	૧૦
૫	શ્રી કે.એમ. પરમાર, સ્ટેનો	ગાંધીનગર, ડી.ઓ.	શ્રેયા (દીકરી)	૯.૨	૧૦
૬	શ્રી આર.એમ. ચૌધરી, જે.એ.	મહેસાણા, સી.ઓ.	જયદિપ (દીકરો)	૮૯.૬૯	૧૦
૭	શ્રી જી.જી. ભાવસાર, જે.એ.	મહેસાણા, સી.ઓ.	દિવ્યમ (દીકરો)	૯૧.૦૮	૧૦
૮	શ્રી જે.જે. ઠાકર. એસ.એ.	પાટણ, ડી.ઓ.	અમિ (દીકરી)	૯૧.૩૮	૧૦
૯	શ્રી આર.આર. ગાંધી, જે.એ.	પાટણ, ડી.ઓ.	કૃપા (દીકરી)	૮૮.૪૬	૧૦
૧૦	શ્રી વાય.વી. પંડ્યા, જે.એ. (ટાઈપિસ્ટ)	પાટણ, ડી.ઓ.	નિરવ (દીકરો)	૮૯.૦૮	૧૦
૧૧	શ્રી જી.એન. પટેલ, જે.એ.	મહેસાણા સિટી એસ/ડીએન	જુહી (દીકરી)	૮૮.૪૬	૧૦
૧૨	શ્રી એચ.કે. સુથાર, જે.એ.	મોડાસા એસ/ડીએન	ધ્રુવી (દીકરી)	૯૨.૯૨	૧૦
૧૩	શ્રી એમ.જી. ઇમ્પ્રોલિયા, જે.ઈ. સિવિલ	આર એન્ડ સી ઓફિસ, મહેસાણા	નજીફા (દીકરી)	૮૬.૯૨	૧૦
૧૪	શ્રી જે.એ. મેવાડા, હેલ્પર	પાલનપુર સિટી એસ/ડીએન	વિકાસ (દીકરો)	૮૭.૦૦	૧૦
૧૫	શ્રી વી.બી. હિરવાનીયા, હેલ્પર	ગઢ એસ/ડીએન	ચાર્મિલ (દીકરો)	૮૭.૨૩	૧૦
૧૬	શ્રી જે.એસ. પટેલ, એસ.એ.	વાડગામ એસ/ડીએન	ત્રુનાલ (દીકરો)	૯૦.૧૫	૧૦
૧૭	શ્રી બી.એચ. બ્રહ્મભટ્ટ, જે.એ. (એમઆર)	ઊંઝા એસ/ડીએન	રવિકુમાર (દીકરો)	૮૯.૩૮	૧૦
૧૮	શ્રી કે.કે. શ્રીમાલિ, એ.એલ.એમ.	સામી એસ/ડીએન	પ્રફુલચંદ્ર (દીકરો)	૮૫.૬૯	૧૦
૧૯	શ્રી ડી.એમ. પટેલ, ડી.ઈ.	રાધાનપુર, ડી.ઓ.	મેધા (દીકરી)	૯૦.૧૫	૧૦
૨૦	શ્રી આર.એસ. પટેલ, સુપરિન્ટેન્ડેન્ટ એ/સી	વિજાપુર, ડી.ઓ.	તિર્થકુમાર (દીકરો)	૯૧.૫૩	૧૦
૨૧	શ્રી એ.આર. શાહ, જે.એ.	કડિ એસ/ડીએન	રુષભ (દીકરો)	૮૯.૩૮	૧૦
૨૨	શ્રીમતી બી.પી. જાની, જે.એ.	મહેસાણા સિટી	વિનિત (દીકરો)	૮૯.૨૩	૧૦
૨૩	શ્રીએચ.એમ. શાહ, ડી.ઈ.	આર એન્ડ સી ઓફિસ, મહેસાણા	વિરાજ (દીકરો)	૮૮.૧૫	૧૦
૨૪	શ્રી આર.એ. પ્રજાપતી, ડી.ઈ.	ગાંધીનગર, ડી. ઓ.	પાર્થ (દીકરો)	૯૪.૦૦	૧૦

વીજચોરી એક સામાજિક દૂષણ

સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત ઓગસ્ટ મહિનાને ઊર્જાશક્તિ માસ રૂપે ઉજવવાની યુજીવીસીએલની પહેલમાં જોડાઈને અનેક વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે ગામ પલિયડ, તાલુકા કલોલ, જિલ્લા ગાંધીનગરની શ્રી સરસ્વતી વિદ્યાલયના માર્ગદર્શક શિક્ષક શ્રી કે. એલ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ ધોરણ ૮ના વિદ્યાર્થી ધવલ જયેશભાઈ રાવલે એક નિબંધ લખ્યો, જેનો વિષય હતો 'વીજચોરી એક સામાજિક દૂષણ'. તેના અંશ...

ગુજરાતમાં ૨૦૦૩ના વર્ષમા ૪૫૦૦ કરોડ વીજયુનિટનું ઉત્પાદન થયું હતું. તે પૈકી ૧૦થી ૧૨ ટકા એટલે કે લગભગ ૫૦૦ કરોડ વીજયુનિટનો ટેકનિકલ વ્યય થયો. બાકી રહેલા ૪૦૦૦ કરોડ યુનિટ પૈકી જીઈબીના ચોપડે માત્ર ૩૧૦૦ કરોડ યુનિટનો જ હિસાબ છે. તો બાકીના ૯૦૦ કરોડ યુનિટનું શું થયું?

''આપ સૌ અત્યાર સુધીના સામાજિક દૂષણોથી અજાણ તો નહીં જ હો પરંતુ મારે નવા સામાજિક દૂષણ વિશે વાત કરવી છે. અને તે છે વીજચોરી. વીજચોરી એટલે વીજળીનો ગેરકાયદેસર ઉપયોગ કરવો તે. આ ચોરી આપણા સમાજને કોરી ખાતી ઉધઇ છે.

વીજળી આપણી પાયાની જરૂરિયાત છે. વીજળી વિના નથી આપણો દિવસ ઉગતો કે નથી આથમતો. નિરંતર વીજળી મળતી રહે તેવું કોણ ન ઇચ્છે. તમને ખબર છે, વીજ મથકની સ્થાપના કરવામાં પાંચ વર્ષ લાગે છે, વીજ વિતરણના આયોજનમાં ૧ વર્ષ લાગે, વીજ બચતના આયોજનમાં એક મહિનો અને વીજબચતની સમજ આપવા માટે એક કલાક પૂરતો છે જ્યારે વીજચોરી અટકાવવા માટે માત્ર એક જ સેકન્ડ લાગે છે.

તો ચાલો વીજચોરીમાં મૂકીએ કાપ, સમૃદ્ધિ આવે આપોઆપ.'

વીજચોરી કોને કહેવાય?

મીટરને બાયપાસ કરીને સપ્લાયની લાઇનમાંથી વીજળી મેળવવામાં આવે ત્યારે તે વપરાયેલી વીજળીની કોઇ મીટરમાં નોંધ લેવાતી નથી. આપે ગામડામાં જોયું હશે કે વીજતાર પર દોરડાં લટકાવેલાં હોય છે એટલે કે આંકડીઓ મારેલી હોય છે.

મીટરના સીલ સાથે કોઇપણ ચેડાં કરવામાં આવ્યાં હોય તો તેને પણ વીજચોરી કરે છે. ખેડૂતો સિંગલ ફેઇઝમાં કેપેસિટર વાપરી થ્રી ફેઇઝનો લાભ લે તે વીજચોરી છે. કદાચ તમે જાણતાં હો-૧ કિલો વૉટ વીજચોરી કરીને આપણે રાષ્ટ્રને વીજઉત્પાદન સ્થાપન માટે થતા ખર્ચમાં પ્રતિકિલો વૉટ એક લાખ રૂપિયાનું નુકસાન કરાવીએ છીએ.

વીજચોરો કોણ?

વીજચોરો વિવિધ પ્રકારના અને કદના હોય છે. ઉદ્યોગ માલિકો, ફાર્મ માલિકો, ખેડૂતો, સેવકો અને તમારા પાડોશીઓ પણ વીજચોર હોઇ શકે છે. વીજચોરીથી જરૂરિયાતમંદ લોકોને જરૂરી વીજળી મળતી નથી કારણ કે લોભિયા લોકો તમારા ભાગની વીજળી ચાંઉ કરી જતાં હોય છે.

- યુજીવીસીએલ એ ધર્માદા સંસ્થા નથી. જો વિકાસના ચક્રોને ચાલતા રાખવાં હોય તો વીજળીનો લાભ લેતા લોકોએ તેમની વાપરેલી વીજળીના પૈસા ચૂકવવા જ જોઇએ.
- થર્મલ પાવર પ્લાન્ટ સ્થાપવા પાછળ મેગાવોટ દીઠ પાંચ કરોડ રૂપિયા જેટલો ખર્ચ થાય છે. થર્મલ પાવર પ્લાન્ટ બાંધવા માટે પાંચથી દસ વર્ષ જેટલો સમય લાગે છે.
- વર્ષ ૨૦૦૫-૦૬ દરમિયાન વીજચોરી અટકાવવાના કડક અમલથી વીજકંપનીઓ નફો કરતી થઇ અને પાછળનું દેવું ભરાઇ ગયું. જો સદંતર વીજચોરી નાબૂદ થાય તો આપણા ગુજરાતને સ્વર્ણિમ ગુજરાત બનાવતાં કોઇ રોકી નહીં શકે.
- વર્ષ ૨૦૦૯માં ગુજરાતની વીજક્ષમતા ૧૨૧૧૦ મેગાવૉટ હતી જે ૨૦૧૨ સુધીમાં ૨૫૦૦૦ મેગાવૉટના લક્ષ્યાંકને પાર પાડશે. શું આપણે વીજચોરી અટકાવી આમાં સહયોગ આપી શકીએ?
- ગુજરાતના ૧૮૦૬૫ ગામડાં અને ૯૬૮૦ નાના પરાંઓને ૨૪ કલાક અપાતી થ્રી ફેઝ વીજળી જ્યોતગ્રામ યોજનાને જીવંત રાખવા વીજચોરી અટકાવવી જ રહી.
- તમે એક વાત કહો, શું તમારા દિકરા/દીકરીને દીવો સળગાવતાં આવડે છે? શું તમારા સંતાનો પંખા અને એસી વિના રહી શકશે? ના? તો પછી આજે જ જાગો.

'ચેરિટી બીગિન્સ એટ હોમ' એ સ્લોગનથી પ્રારંભ કરીએ વીજચોરીનો અટકાવ અને ખુશહાલ બનાવીએ આપણું અને ગુજરાત, રાષ્ટ્રનું ભવિષ્ય. ■

વીજચોરીમાં મૂકીએ કાપ, સમૃદ્ધિ આવે આપોઆપ

હાઈડ્રોપાવર પ્રેજેક્ટની શરૂઆત

શ્રીલંકાના કુરુવિતામાં અદવિકંદા નામના નાના હાઇડ્રોપાવર પ્રોજેક્ટની શરૂઆત થઇ છે. આ પ્રેજેક્ટને ક્લાઇમેટ ચેન્જ પરના યુનાઇટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન અંતર્ગત ક્લિન ડેવલપમેન્ટ પ્રોજેક્ટ તરીકે રજિસ્ટર કરવામાં આવ્યો છે. રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આ હાઇડ્રો પ્રોજેક્ટની ક્ષમતા ૬.૫ મેગાવોટની છે જે ઓલ્ટરનેટ પાવર સિસ્ટમ લિમિટેડ દ્વારા વિકસિત કરવામાં આવ્યો છે.

આ રીતે ભૂટાન હાઇડ્રો પ્રોજેક્ટ જે એશિયન ડેવલપમેન્ટ બેંક અને ઓસ્ટ્રિયા અને જાપાન સરકાર તરફથી રજિસ્ટર કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પ્રથમ એવો પ્રોજેક્ટ છે જે ક્લિન ડેવલપમેન્ટ મિકેનિઝમ અંતર્ગત ક્રોસ બોર્ડર ઇનિશિએટિવ તરીકે વિકસિત થયો છે. હાઇડ્રો પ્રોજેક્ટ દ્વારા હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર ભૂટાનથી ભારત મોકલવામાં આવશે. ■

બ્રાઝિલમાં ૩૭૦૦ મેગાવોટની નવી ક્ષમતાવાળા હાઈડ્રોપાવરનું ઓક્શન

ઓલ્ટરનેટિવ એનર્જી અને ગ્લોબલ વોર્મિંગ વિશે ચિંતા કરનારા અને તેનું સમાધાન શોધનારા અનેક દેશો હવે આ કાર્યમાં ઝંપલાવવા માંડ્યાં છે.

બ્રાઝિલના સૌથી મોટા શહેર સાઓ પૌલો ઓછામાં ઓછા ૩૭૦૦ મેગાવોટ ઊર્જાની ક્ષમતા ધરાવતા હાઇડ્રોપ્રોજેક્ટ બનાવશે અને વર્ષના અંતે ૧૦ નવા હાઇડ્રો પ્રોજેક્ટ્સનું ઓક્શન કરશે. બ્રાઝિલનો ઇલેક્ટ્રિસિટી નિયંત્રક વિભાગ ઓક્શન કરવા માટેની તૈયારી શરૂ કરી ચૂક્યો છે અને એનવાયર્નમેન્ટ લાઇસન્સ તૈયાર કરાવી રહ્યો છે.

બ્રાઝિલના સેન્ટર વેસ્ટ રીજન પર આવેલી ટેલેસ પાયર્સ નદી પર ચાર હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સ બનશે અને નોર્થઇસ્ટમાં પરનૈબા નદી પર પાંચ હાઇડ્રોપ્રોજેક્ટ્સ તૈયાર થશે જેનાં ઓક્શન કરવામાં આવશે. બ્રાઝિલ સરકાર પણ તેના એમેઝોન રીજનમાં આવેલા સાન્ટો એન્ટોનિયો દો જારી ડેમથી મળતી ઊર્જાનું ઓક્શન કરશે. ડેમ દ્વારા મળનારી ઊર્જા સસ્તા ભાવે વેચવા માટેની બીડ માટેનું કાર્ય વર્ષ ૨૦૧૫ સુધીમાં તૈયાર થઇ જશે. ■

વેકનની સોલર માર્કેટ પર નજર

ફિનલેન્ડ બેઝ્ડ એસી ડ્રાઇવ બનાવનારી કંપનીઓ સોલર ઉદ્યોગના વિકાસ માટે યુરોપ પર આધાર રાખી રહી છે. આજે ઝેક રીપબ્લિકમાં ફિનલેન્ડના વાસાએ ૧૦૦ મેગાવોટના સોલર ઉપકરણોનું ઇનસ્ટોલેશન કર્યું છે. વેકનની નજર સોલર માર્કેટ પર છે. વેકનના માર્કેટિંગ ડિરેક્ટર ઓલી તેવાના કહેવા પ્રમાણે વર્ષના અંત સુધીમાં વેકન પોતાના સોલર એનર્જી બિઝનેસને વિશ્વમાં ફેલાવવાનો ટાર્ગેટ બનાવી ચૂકી છે. કંપનીએ સ્પેનિશ સોલર એનર્જી ઇન્વર્ટર મેકર મેળવી તેના વિશે પૂર્ણ જાણકારી મેળવી લીધી છે. આથી વેકન કંપનીએ વેકન ૮૦૦૦ સોલર નામની પ્રોડક્ટ બનાવી જે ૧૦ કીલોવોટથી શરૂ કરીને ૧ મેગાવોટ સુધીની હશે. ઇટલી અને ઝેક રીપબ્લિક તરફથી ઓર્ડર્સ મળ્યા પછી બેલ્જિયમથી પ્રથમ સોલર ઓર્ડર પણ મળ્યા છે. ■

પોતાની ક્ષમતા પર વિશ્વાસ રાખો

આપણે સૌ આપણા અસ્તિત્વ પ્રમાણે કોઈ ને કોઈ રીતે પ્રતિભાવાન કે વિલક્ષણ છીએ. જરૂર છે માત્ર એક પ્રતિભાને ઓળખવાની.

સફળતા એ રંગ, જાતિ, ધર્મ, ઉંમર કે અભિગમ જોઇને નથી આવતી, સફળતા ભેદભાવ જોતી નથી કે તેને સીમાની કોઇ ખબર નથી. સફળતા એ સપના, સતત પ્રયત્ન અને આત્મવિશ્વાસ પર આધારિત છે. જે ક્ષણે તમે આત્મવિશ્વાસ ખોઇ દેશો એ ક્ષણથી અસફળતા તમારી પાછળ પડી જશે.

આપણે સૌ, સાધનો કે સંજોગોને ધ્યાનમાં રાખ્યા વગર જીવનમાં શ્રેષ્ઠતા લાવવાનો સતત પ્રયત્ન કરતાં હોઇએ છીએ. આપણે સૌ આપણા અસ્તિત્વ પ્રમાણે કોઇ ને કોઇ રીતે પ્રતિભાવાન કે વિલક્ષણ છીએ. આપણે જાણીએ છીએ કે આપણને જે કાર્ય આવડે છે અને સારી રીતે કરી જાણીએ છીએ તે બીજી વ્યક્તિ કરી શકતી નથી અને એ જ રીતે અન્યએ કરેલું કોઇ સુંદર કાર્ય કરવાની આપણામાં આવડત નથી હોતી. આ જ વસ્તુ છે જે આપણને શ્રેષ્ઠતા-સફળતા તરફ લઇ જવા માટે સતત ઝઝૂમવાની શક્તિ આપે છે.

બદનસીબે, આપણે તણાવ, બાહ્ય દબાણ, ધ્યાન અન્યત્ર હોવું, આર્થિક સ્થિતિ અને એના જેવા અનેક અન્ય કારણોને આપણા જીવનમાં પ્રસરવા દઇએ છીએ અને આપણી જીવનગાડી તેના પાટા પરથી ઉતરી જાય છે.

આપણા જીવનનું એક સ્પષ્ટ ધ્યેય હોય છે. ઘણા જન્મ્યા ત્યારથી અંત સુધી કાર્ય કરતાં રહે છે, એ જાણ્યા વગર કે તે ખરેખર શું કરી રહ્યાં છે. અનેકોની પાસે એવી ચોક્કસ દૃષ્ટિ હાય છે અને તેઓ એ બધો જ પ્રયત્ન કરે છે જે તેમના નસીબમાં લખ્યું છે અને તેને મેળવવા સતત યત્નશીલ રહે છે અને એક ખાસ મુકામ સુધી પહોંચી જાય છે.

તમારે જે મેળવવાનું છે તેને માટે આગળ વધતાંમાટે ડરો નહીં બલ્કે, તમે કદાચ એ વસ્તુ મેળવી ન શકો એ વિચારે ડરો. ■

આસપાસનું વાતાવરણ

આપણને આપણા વડીલો કહેતા રહેતા હોય છે કે ''અમે દેખાવમાં સુંદર ન હતા, એકદમ સ્માર્ટ પણ નહોતા, વધુ ક્રીએટિવ પણ નહોતા, તેથી અમને જીવનમાં જે કરવું હતું તે ન કરી શક્યાં...''

ઘણીવાર આપણાં જ માતાપિતા, ભાઇબંધુ, મિત્રો કે પાડોશી કે પછી કોઇ અજાણ વ્યક્તિ આવું બોલીને આપણા મનમાં ક્યાંક નકારાત્મકતાનો અંશ છોડી જતાં હોય છે અને આપણે પણ એવું જ વિચારીને આપણા પ્રગતિના અડધે રસ્તે અટકી પડીએ છીએ.

આપણી કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં આવી વાત સાંભળી તેમાં માનવા લાગીએ છીએ અને આપણા માટે જ નકારાત્મક અભિગમ બનાવવા લાગીએ છીએ. આ નકારાત્મકતા આપણા જીવનના વિકાસને અગતિકતાના પડદાથી ઢાંકી દે છે.

અનેક વાર, અન્ય વ્યક્તિ પોતાના સિદ્ધાંતો આપણી ઉપર થોપતાં નકારાત્મકતાના સતત વારથી આપણા દરેક પ્રયત્નોની આસપાસ નિરાશાનું કવચ લાગી જાય છે. થાય છે એવું કે તેઓ આપણા જીવનને પણ તેમની દ્રષ્ટિથી જુએ છે અને તેથી આખી કલ્પના અસ્તવ્યસ્ત થઇ જાય છે.

આપણા પ્રયત્નો, ફોકસ અને દૃઢ નિશ્ચયથી ઘણાને ઈર્ષ્યા થતી હોય છે. કદાચ તેઓ આપણા દરેક પ્રયત્નોને જોઇ રહ્યાં હોય છે જે તેમના કરતાં વધુ ઉંચાઇએ લઇ જઇ શકે છે તેથી તેઓ આપણા એ પ્રયત્નોને વચ્ચે જ ધીમા પાડી આપણને તેમની હરોળમાં મૂકવાનો અસફળ પ્રયત્ન કરતાં હોય છે જેથી આપણી અસફળતા જોઇ તેઓ સંતોષથી કહી શકે કે મેં તો તમને કહ્યું હતું.

એક મહાન વ્યક્તિ પોતાના જીવન વિશે કહે છે હું રોજ અનેક લોકોને ઓટોગ્રાફ આપું છું જે મારી પોતાની સફળતાના હસ્તાક્ષર હોય છે. સફળતા ત્યારે આવે છે કે જ્યારે તમે તમારા પોતાના સકારાત્મક વિચારોને આધિન રહો અને પરિણામ મળે તેવાં પોતાના જ પ્રયત્નો કરો છો.

આવી સ્થિતિ થાય ત્યારે નકારાત્મકતા દૂર કરવા શું કરવું?

એક નોટબુકમાં, ડાયરી કે કાગળમાં પોતાનું સપનું અને ઇચ્છા વિશે લખી રાખો. નકારાત્મક વિચારો મગજ પર હાવિ થવા લાગે કે તરત જ તે સપના કે ઇચ્છા ફરીવાર વાંચી લો અને પોતાની આસપાસ સકારાત્મકતાનું કવચ બનાવી દો.

એવું બોર્ડ તમારી ઓફિસમાં અને ઘરમાં રાખો જેની ઉપર સકારાત્મક શબ્દો, ક્વોટ્સ કે કહેવતો લખ્યા હોય. તેને રોજ વાંચો અને જીવનને ઉચ્ચતા તરફ લઇ જાવ ખાસ કરીને જ્યારે તમારી આસપાસ નકારાત્મકતા હોવાનો તમને સતત અહેસાસ થયા કરતો હોય.

સતત સકારાત્મક વિચારોને રોજ રોજ વાંચતાં રહો, તેમાંના કેટલાંક અહીં આપ્યાં છે.

૧. હું એક ક્રીએટીવ વ્યક્તિ છું અને મારું જીવન સફળતા તરફ આગળ વધી રહ્યું છે.
૨. હું સુંદર, સ્વસ્થ અને ખુશ વ્યક્તિ છું અને મારા જીવનના સુખદ આશ્ચર્યો મારી સામે ખુલી રહ્યાં છે.
૩. સફળ થવા માટે મને ભરપૂર તકો મળતી રહે છે અને હું સફળ અને સમૃદ્ધ થવાના મારા સ્વપ્ન તરફ આગળ ધપું છું.

તમે તમારા જીવનને સુદૃઢ બનાવો છો ત્યારે તમે આખી સૃષ્ટિને સંદેશો આપો છો કે તમારામાં સકારાત્મકતાનો ખજાનો છે અને આમ કરતાં નકારાત્મકતાને તમારી સફળતામાં રોડાં અટકાવતાં રોકીને આગળ વધતાં રહો છો.

સફળતા અને નિષ્ફળતામાં એ ફેર નથી કે તમે સપનું જુઓ છો કે નથી જોતાં, પરંતુ સપનું જોયાં પછી પ્રયત્નો દ્વારા તે સપનું સાચું કરવાની હિંમત અને લગન હોવી તે સફળ વ્યક્તિની નિશાની છે.

એ મહત્ત્વનું છે કે તમે તમારા સ્વ વિશે જાણો અને શોધી કાઢો કે તમે કેટલા સ્પેશિયલ અને ગિફ્ટેડ વ્યક્તિ છો. તમારે તમારાં સપનાનો ચાર્જ તમારા જ હાથમાં રાખવાનો છે, જોજો, રખેને તમારા સપના પર કોઇ પોતાની માલિકી લખાવી જાય.

આ એક સતત સંઘર્ષ છે. જોકે, તમે જો ક્ષિતિજને નજર સામે રાખો અને પ્રકાશને તમારો જીવનપથ અજવાળવા દો, જેમ જેમ તમે આગળ વધતાં રહેશો અંધકાર દૂર થતો જશે અને તક અને દૃઢ નિશ્ચયના કિરણો તમારો રસ્તો પ્રકાશમય બનાવતાં જશે.

અન્યની મીડિયોક્રિટી (સામાન્ય કક્ષાની માનસિકતા)ને તમારા વિકાસ અને પ્રગતિને આડે ન આવવા દો. અન્યને જ્યાં અસફળતા દેખાય છે ત્યાં તમને સફળતાના આછાં અજવાળાં દેખાવાં જોઇએ. તેઓ જ્યાં અંધકારનો જ સામનો કરતાં હોય છે ત્યાં તમને ચમક અને અજવાળું જ દ્રષ્ટિમાન થવું જોઇએ. અન્યને જ્યાં અસફળતા જ દેખાતી હોય ત્યાં તમારે તક અને સ્પષ્ટતાના પ્રકાશને ભેટવાનું છે.

તમે ધારશો કે તમે કરી શકો તેમ છો, તો તમે કરી શકશો, પણ જો તમે માનશો કે તમારાથી નહીં થાય તો તે કાર્ય ક્યારેય નહીં કરી શકો. તમે જે બનવા માગતાં હો તે બનવા પ્રયત્ન કરો જ્યાં સુધી બની ન જાવ. એકવાર તમે નકારાત્મકતાને સ્વીકારી લીધી, તમે નિશ્ચિત અસફળતા મેળવશો પણ તમે સકારાત્મક વિચારો કરી તેને લગતા પ્રયત્નો શરૂ કર્યાં એટલે સફળતા તમારા ચરણ ચૂમશે.

આત્મવિશ્વાસથી સ્વમાન આવે છે, જ્યાં આ બે ટુલ્સ તમારી બંને બાજુએ હશે તો તેની પાછળ તમારા ચોક્કસ સપના, તેને પૂરા કરવા માટેના

પ્રયત્નો, દૃઢતા અને આશા તેની પાછળ દોડતાં આવશે.

તમારા ભવિષ્યની સંભાવનાઓ તમારા પ્રયત્નોથી ખુલતી જશે. આજે જ સકારાત્મક પ્રયત્નની શરૂઆત કરી દો જેથી તમે કંઇક ભવ્ય ક્રીએટ કરી શકો. તમારી પાસે શક્તિ છે, તમારી પાસે કુશળતા છે તમે દૃઢ નિશ્ચયી છો જે તમને તમારા અમૂલ્ય અસ્તિત્વને પ્રગતિના પંથે લઇ જવા સક્ષમ છે.

સપનાને પકડી રાખો અને તેને ફોલો કરો કારણ કે સપના તમને ફોલો નહીં કરે તે ચોક્કસ છે. ■

સુભાષિત

આત્મવિશ્વાસ અને સકારાત્મક અભિગમ રાખીને આગળ વધવા અને અન્યને સાથે રાખી પ્રગતિ કરવા માટે અહીં આપેલાં ક્વોટ્સ પ્રેરણાદાયક રહેશે.

૧

તમારી કલ્પનાના ડરને દૂર કરવા તેની સામે સકારાત્મકતાથી ઝઝૂમો. જોખમ લેવાની હિંમત કરો અને આગળ વધો.

૨

અન્યને આદર આપો, તમને પણ મળશે. અન્યની વાત ધ્યાનથી સાંભળો, કદાચ તમારી સમસ્યાનું સમાધાન મળી જાય.

૩

હંમેશાં હસતાં રહો, જીત તમારી જ છે. ટટાર ઊભાં રહો અથવા બેસો, તમે બધામાં જુદા તરી આવશો.

૪

ધીરજ રાખો, ઉતાવળે આંબા ન પાકે કહેવત યાદ રાખો. બીજાને માટે સંવેદના રાખો, તે તમને યાદ રાખશે.

૫

તમારી ક્ષમતાઓ પર વિશ્વાસ રાખો, ભલભલા ડરી જશે. ધ્યેય નક્કી કરો અને તેને વળગી રહો.

પાવર ક્વિઝ

૧. કયા કારણોને લીધે હાઇડ્રોપાવરને રીન્યુએબલ એનર્જી રીસોર્સ કહે છે?

અ. ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવા માટે પાણીનો ઉપયોગ થાય છે.
બ. મોટર સતત ચાલુ રહે છે.
ક. કંપનીઓને આપવામાં આવેલી ઈલેક્ટ્રિસિટી રીસાયકલ પ્રોગ્રામ સાથે આપવામાં આવે છે.
ડ. તેમાં ઈંધણનો સ્ત્રોત ફ્લોઈંગ વોટર કુદરત પાસેથી સતત મળતો રહે છે.

૨. હાઇડ્રોપાવર દ્વારા યુનાઇટેડ સ્ટેટ્સને કેટલો ઇલેક્ટ્રિસિટી સપ્લાય મળે છે?

અ. ૫ ટકા
બ. ૧૦ ટકા
ક. ૩૦ ટકા
ડ. ૭૦ ટકા

૩. કયા દેશમાં કુલ વિવિધ ઈલેક્ટ્રિસિટી સપ્લાયના સૌથી વધુ ટકા હાઇડ્રોપાવર તરફથી મળે છે?

અ. યુનાઈટેડ સ્ટેટ્સ
બ. કેનેડા
ક. ચાયના
ડ. ફ્રાન્સ

૪. હાઇડ્રોપાવર પ્રોજેક્ટ નીચે આપેલા કયા કાર્યોમાં ઉપયોગી છે?

અ. નૌપરિવહન
બ. સિંચાઈ
ક. પૂર અટકાવ
ડ. નગરપાલિકા પાણી પૂરવઠો
ઈ. ઉપરના દરેક

૫. યુનાઈટેડ સ્ટેટ્સમાં કોની પાસે હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ નથી?

અ. ફેડરલ ગવર્નમેન્ટ
બ. હાઈડ્રો રીસર્ચ ફાઉન્ડેશન
ક. પબ્લિક યુટિલિટી ડિસ્ટ્રિક્ટ્સ એન્ડ મ્યુનિસિપલ ઓથોરિટિઝ
ડ. ખાનગી કંપનીઓ

જવાબો : ૧. ડ, ૨. બ, ૩. બ, ૪. ઈ, ૫ બ

પ્રદૂષણ વગરની હાઈડ્રોઈલેક્ટ્રિક એનર્જી

હાઈડ્રોઈલેક્ટ્રિક એનર્જી કેવી રીતે પેદા થાય છે?

ડેમમાં ગુરુત્વાકર્ષણને લીધે ઉપરના ભાગમાં પાણી ભરાયેલું રહે છે.

પાણીની ઊંચાઇ અધિક હોવાથી તે મોટર પાસે એકદમ પ્રેશરથી પહોંચે છે, એટલે કે તેના દ્વારા આપણે પુષ્કળ પ્રમાણમાં ઊર્જા મેળવી શકીએ છીએ. ત્યાર પછી પાણી સામાન્ય સ્પીડથી વહેવા લાગે છે. પર્વતીય દેશો જેવાં કે સ્વીટ્ઝરલેન્ડ અને ન્યુ ઝીલેન્ડ હાઈડ્રો ઇલેક્ટ્રિક પાવર દ્વારા પોતાના દેશોની લગભગ અડધી જરૂરિયાતો પૂરી કરે છે.

વિકલ્પ એ જ છે કે જ્યાં નદીનું પાણી વેગથી વહેતું હોય તેની પાસે પાવર સ્ટેશન બનાવવું જોઇએ. જોકે, આ પ્રક્રિયામાં પાણીના વહાવને કન્ટ્રોલ કરી શકાતો નથી કે પછી તે પાણી વાપરવા માટે રાખી શકાતું નથી.

હાઈડ્રોઈલેક્ટ્રિક ઊર્જાના લાભ

- એકવાર ડેમ બની જાય પછી ઊર્જા લગભગ મફત જ પડે.
- અપશિષ્ટ કે પ્રદૂષણ થતું નથી.
- વિન્ડ, સોલર કે વેવ પાવર કરતાં વિશ્વસનીય છે.
- પાણીને ડેમની ઉપર સ્ટોર કરી શકાય છે જેથી તેની ઊંચાઈનો લાભ લઇ શકાય.
- હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર સ્ટેશન્સ અન્ય પાવર સ્ટેશનની જેમ વધારી શકાય છે.
- સતત વીજળી મળી શકે છે.

હાઈડ્રોઈલેક્ટ્રિક ઊર્જાના ગેરલાભ

- ડેમ બનાવવા મોંઘા પડે છે. જોકે, ઘણા ડેમ પૂર રોકવા કે સિંચાઇ કામ માટે બનાવ્યા છે તેથી કિંમત વહેંચી શકાય છે.
- મોટાં ડેમ બનાવવાથી ક્યારેક પૂરને કારણે પ્રવાહ સામો આવે છે જેથી આસપાસ રહેતાં લોકો અને પ્રાણીઓને નુકસાન થાય છે.
- યોગ્ય જગ્યા મેળવવી મુશ્કેલ છે કારણ કે વસાહટને અને પર્યાવરણને નુકસાન થાય તે સ્વીકાર્ય નથી.

શું તે રીન્યુએબલ છે?

હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર રીન્યુએબલ છે. સૂર્યની ગરમીથી દરિયા કે તળાવના પાણીનું બાષ્પિભવન થાય છે અને તે વાદળોમાં ફેરવાય છે જે અંતે વરસાદરૂપે ફરીથી નદી, તળાવમાં આવે છે.

- હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર એટલે વહેતા પાણીના ફોર્સથી ઊર્જા ઉત્પન્ન કરવી
- આપણે ડેમ બનાવીએ છીએ અને પાણીને મોટર કે જનરેટરમાં થઇ પાઈપ દ્વારા ડેમમાં વહેવા દેવાય છે.
- તેનાથી પ્રદૂષણ થતું નથી, અપશિષ્ટ ફેલાતું નથી કે કોઇ પ્રકારનું બળતણ લાગતું નથી.
- બનાવવું મોંઘું છે.
- ડેમ બનાવવાનો અર્થ છે વિશાળ જમીનને પાણીમય બનાવવી.

ભારતનાં મુખ્ય હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્લાન્ટ્સ

આંધ્રપ્રદેશમાં શ્રીસાઇલામ ડેમ અને નાગાર્જુનસાગર, ગુજરાતમાં સરદાર સરોવર, હિમાચલ પ્રદેશમાં બસ્પા-૨, નાથપા ઝાકરી, ભાકરા ડેમ, દેહર, બાઇરા સુઇલ, ચામેરા-૧, ચામેરા-૨, પોંગ, જમ્મુ એન્ડ કાશ્મીરમાં ઉરિ હાઇડ્રો ઇલેક્ટ્રિક ડેમ, દુલ્હસ્તી, સલલ, ગુજરાતમાં સરદાર સરોવર, કર્નાટકમાં શરાવથી, કાલિનદી, કેરલમાં ઇદુક્કી, મધ્ય પ્રદેશમાં ઓંકારેશ્વર, ઇન્દિરા સાગર, મણિપુરમાં લોકટક, મહારાષ્ટ્રમાં કોયના, સિક્કિમમાં રનગીત, ટીસ્ટા-વી, ઉત્તરાખંડમાં તનકપુર, ધૌલીગંગા-૧, લોહારીનાગ. ■

સ્કૂલે જવા માટે ચાલીને, સાયકલ પર કે બસમાં જાવ જેથી ઇંધણ બચશે અને પ્રદૂષણ ઘટશે.

વૈકલ્પિક ઊર્જા

ઊર્જાના અનેક વિકલ્પો છે જેમાંના મુખ્ય છે હાઇડ્રોઇલેક્ટ્રિક ઊર્જા, ન્યુક્લીઅર ઊર્જા, જીઓથર્મલ ઊર્જા, બાયોમાસ અને ટાઇડલ/ઓશન ઊર્જા.

વહેતા ગતિજન્ય પાણીથી જે ઇલેક્ટ્રિક પાવર ઊત્પન્ન થાય છે તેને હાઇડ્રોઇલેક્ટ્રિક એનર્જી કહે છે. ધરતીના પેટાળમાં રહેલી ગરમીને પૃથ્વીની સતહ પર લાવી જે ઊર્જા ઉત્પન્ન કરવામાં આવે તેને જીઓથર્મલ એનર્જી કહે છે.

દરિયામાં ઊપર નીચે થતા મોજાંથી જે ઊર્જા ઉત્પન્ન થાય છે તેને ટાઇડલ અથવા ઓશન એનર્જી કહે છે.

સ્યુએજ કે ખેતર, ઔદ્યોગિક અથવા ઘરેલુ ઓર્ગેનિક વેસ્ટ ભેગું કરીને જે ઊર્જા ઉત્પન્ન થાય છે તે બાયોમાસ એનર્જી તરીકે ઓળખાય છે.

પરિચય : આપણે હજારો વર્ષોથી વહેતા પાણીની ઊર્જાનો ઉપયોગ કરતાં આવ્યાં છીએ. વર્ષ ૧૮૭૮માં ઇંગ્લેન્ડના નોરથમ્બરલેન્ડના ક્રેગસાઇડ હાઉસ વિશ્વનું સૌ પ્રથમ હાઉસ હતું જે હાઇડ્રોઇલેક્ટ્રિસિટી દ્વારા પ્રકાશમય થયું હતું. વર્ષ ૧૮૮૨માં યુએસએના ફોક્સ રીવરમાં હાઇડ્રોઇલેક્ટ્રિસિટી દ્વારા ઉત્પન્ન થયેલી વીજળી દ્વારા બે પેપર મિલ્સ અને એક ઘર ઝળક્યાં હતાં.

આજકાલ અનેક હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર સ્ટેશન છે જેના દ્વારા વિશ્વની ૨૦ ટકા વીજળી ઉપલબ્ધ થાય છે. ગ્રીકમાં હાઇડ્રો શબ્દનો અર્થ છે પાણી.

તે કેવી રીતે કાર્ય કરે છે? : વર્તમાન તળાવની આસપાસ પાણીને અટકાવવા માટે ડેમ બનાવવામાં આવે છે. ડેમમાં બનેલી ટનલમાં પાણી વહેવા દેવામાં આવે છે તેને ફરતું રાખવા મોટર મૂકવામાં આવે છે અને તેના દ્વારા જનરેટર ડ્રાઇવ થાય છે.

તમને ખબર હશે કે ડેમ નીચેથી જાડો અને ઉપરથી ઓછો જાડો હોય છે કારણ કે પાણીના પ્રવાહથી ઊંડાણ વધે છે.

કોલોરાડો નદી પર સૌ પ્રથમ વિશાળ હુવર ડેમ બનાવી આખા લોસ વેગસ શહેરને વીજળી પહોંચાડી હતી. જોકે, આજે લોસ વેગસ અન્ય અનેક વિકલ્પોથી વીજળી લઇ ઊર્જા અને પ્રકાશ મેળવે છે. આમ તો ઘણી વેબસાઇટ છે જેના દ્વારા હાઇડ્રો પાવરનું કામ જોઇ શકાય છે પરંતુ www.fwee.org પર તે વિગતવાર જોઇ શકશો. હાઇડ્રો ઇલેક્ટ્રિક ડેમ બનાવવા ખૂબ મોંઘા પડે છે. જોકે, એકવાર સ્ટેશન તૈયાર થઇ જાય એટલે પાણી મફતમાં મળે છે વળી તેનાથી અપશિષ્ટ કે પોલ્યુશન થતું નથી. સૂર્યના તાપથી દરિયા અને તળાવનું પાણી બાષ્પિભવન થઇ, વાદળમાં રૂપાંતર થઇ વરસાદ રૂપે ફરીથી ડેમ ભરી દે છે.

શું તમે જાણો છો?

વીજળી આપણા જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આજે સ્ટેટિક ઇલેક્ટ્રિસિટી, ઇલેક્ટ્રિક ઇલ્સ, સર્કિટ, લાઇટનિંગ, ઇલેક્ટ્રિક શોક, વોલ્ટ્સ, એએમપીએસ અને વધુ અનેક વાતો કરીશું.

- આધુનિક જીવન જીવવા માટે વીજળી અતિ ઉપયોગી છે. તમારા ઘરમાં અજવાળું પાથરે, ટીવી જોઇ શકાય અને માઇક્રોવેવમાં ભોજન બાનવી શકાય.
- ઇલેક્ટ્રિક કરન્ટને એમ્પીયર્સમાં માપી શકાય છે જેને ટુંકાણમાં એએમપીએસ કહે છે.
- ઇલેક્ટ્રિક પોટેન્શિયલ એનર્જી વોલ્ટ્સમાં માપી શકાય છે.
- બે પોઝિટીવ ચાર્જીસ અને બે નેગેટિવ ચાર્જીસ એકબીજાને પાછાં ધકેલે છે. પરંતુ પોઝિટીવ અને નેગેટિવ એકબીજાને આકર્ષે છે.
- જ્યારે ઇલેક્ટ્રિક શોક લાગે છે ત્યારે ઝાટકો લાગે છે કારણ કે વિરોધાભાસી ચાર્જ ઇલેક્ટ્રિક ચાર્જને ન્યુટ્રલ બનાવે છે.
- ૫૦૦ વોલ્ટ્સનો ઇલેક્ટ્રિક શોક ઉત્પન્ન કરવાથી ઉડતા તણખા આત્મરક્ષણ અને શિકાર માટે ઉપયોગી થાય છે.
- ઇલેક્ટ્રિસિટી સર્કિટમાં સ્વિચ, ટ્રાન્સફોરમર, રેઝિસ્ટરની જરૂર પડે છે.
- જનરેટર સાથે ટરબાઇન્સને લગાવીને પાણી ગોળ ગોળ ફેરવવામાં આવે તેનાથી વીજળી ઉત્પન્ન થાય છે અને તેને હાઇડ્રોપાવર કહે છે.
- વિશ્વનો સૌથી વધુ વીજળીનો સ્રોત કોલસા દ્વારા પ્રાપ્ત થાય છે. ભઠ્ઠીમાં કોલસા નાખી પાણી ઉકાળવામાં આવે છે તેમાંથી વરાળ નીકળે છે તેના દ્વારા જનરેટર સાથે લગાવેલા ટરબાઇન્સ ગોળ ગોળ ફરે છે અને વીજળી ઉત્પન્ન થાય છે.
- હૃદયના ધબકારાની જેમ ઇલેક્ટ્રિસિટી આપણા જીવનમાં ભાગ ભજવે છે. જ્યારે ઇલેક્ટ્રિક કરંટ આપવામાં આવે છે ત્યારે આપણા હૃદયના સ્નાયુકોષોને સંકોચે છે. આ રીતે ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ દ્વારા હૃદયની સ્વસ્થતા માપી શકાય છે.

- એસી અને ડીસી કરંટમાં થોડો ફેર છે. ડીસીના ઇલેક્ટ્રોન્સ એક જ દિશામાં ફરે છે જ્યારે એસી ઇલેક્ટ્રોન્સ તેની દિશા બદલે છે.
- અમેરિકન વૈજ્ઞાનિક બેન્જામિન ફ્રેંકલિને તેની અનેક શોધોમાં એક શોધ એવી પણ કરી મકાન પર લાઇટનિંગ રોડ મૂકી દેવાથી વીજળી પડે તો તેની વીજળીની ક્ષમતા રોડ ઝીલી લે અને મકાનને બચાવે. ■

ભક્તિ અને શક્તિની
સાધનાના શુભપર્વે
આપણો કાર્યસંકલ્પ
ઊર્જા સમૃદ્ધ બનાવીએ
સ્વર્ણિમ ગુજરાત

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

UGVCL

આપણું યુજીવીસીઓલ

આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર કે આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)ને મોકલી શકો છો.

cs@ugvcl.com
kinjalsathwara@ugvcl.com
sanaik_41262@yahoo.co.in